# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૩૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

જેઠ સુદ - ૧૦ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૦૪ ● તારીખઃ ૨૪.૦૬.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


**આજનો સુવિચાર**

મુશ્કેલ સમયમાં સાથ આપવાના બદલે જ્ઞાન આપે, એવા લોકોથી હંમેશા દુર રહેવું!

# મધ્ય પૂર્વમાં યુદ્ધની કટોકટી વચ્ચે ભારતની મોટી રણનીતિઃ ગૅસ સસ્તો થશે

## જૂનમાં અમેરિકાથી થશે ૧૦ લાખ ટન એલપીજીની રેકોર્ડબ્રેક આયાતથ ઇઝરાયેલ-ઈરાન તણાવના કારણે સ્ટ્રેટ ઓફ હોર્મોઝ પ્રભાવિત થતાં ભારતે બદલ્યો રૂટ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતની ઊર્જા સુરક્ષા અને ઘરેલું રાંધણ ગેસના પુરવઠાને અવિરત રાખવા માટે કેન્દ્ર સરકારે એક ખૂબ જ મોટો રણનીતિક નિર્ણય લીધો છે. મધ્ય પૂર્વમાં ઇઝરાયેલ, અમેરિકા અને ઇરાન વચ્ચે ચાલી રહેલા ભારે લશ્કરી તણાવ અને સ્ટ્રેટ ઓફ હોર્મોઝમાં વ્યાપારી જહાજોની અવરજવર પર લાગેલા આંશિક પ્રતિબંધોને કારણે ભારતે આ નવો અને સુરક્ષિત રસ્તો અપનાવવો પડ્યો છે. આ અંતર્ગત જૂન ૨૦૨૬ ના ચાલુ મહિનામાં ભારત અમેરિકા પાસેથી ઇતિહાસમાં ક્યારેય ન થઈ હોય તેવી રેકોર્ડબ્રેક માત્રામાં ૧૦ લાખ ટનથી વધુ પ્રવાહી ગેસની આયાત કરવા જઈ રહ્યું છે.

વાસ્તવમાં, ભારત પોતાની ઘરેલું ગેસ સિલિન્ડરની જરૂરિયાતો માટે મોટાભાગે આયાત પર જ નિર્ભર રહે છે અને સામાન્ય દિવસોમાં દેશની કુલ એલપીજી જરૂરિયાતનો આશરે ૯૦% હિસ્સો સાઉદી અરેબિયા, યુએઈ અને કતાર જેવા મધ્ય પૂર્વીય દેશોમાંથી આવતો હતો. જો કે, ભૌગોલિક-રાજકીય

અનુ પાના નં.૨ પર

## આગામી ૪૮ કલાકમાં થઈ શકે ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડિલ

**સમય સંદેશઃ ડેસ્ક**

ભારત અને અમેરિકાના વ્યાપારી સંબંધોને લઈને એક ખૂબ જ મોટા અને મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી વ્યાપાર સમજૂતીના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા માટે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને અમેરિકી વ્યાપાર પ્રતિનિધિ જૈમીસન ગ્રીર નવી દિલ્હીમાં એક હાઈ-લેવલ બેઠક યોજવાના છે. મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી ૪૮ કલાક બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપાર માટે અત્યંત નિર્ણાયક સાબિત થઈ શકે છે અને ગમે ત્યારે મોટી સત્તાવાર

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીઃ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદ

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે મેઘરાજાએ જોરદાર એન્ટ્રી કરતા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદી માહોલ છવાઈ ગયો છે. ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા પંથકના ધોકડવા, સામેતર, બેડીયા અને જશાધાર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા છે. આવી જ રીતે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી, હેમાળ, નાગેશ્રી અને ખાંભા પંથકના ડેડાણ અને ખડાધારમાં ધોધમાર વરસાદ નોંધાયો છે. ખેતીલાયક વરસાદ પડતા જનજીવનને ગરમીમાંથી મોટી રાહત મળી છે અને ધરતીપુત્રોમાં વાવણીને લઈને ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

બીજી તરફ, દક્ષિણ ગુજરાતના ડાંગ અને વલસાડ જિલ્લામાં સતત બીજા દિવસે પણ


અનુ પાના નં.૨ પર

## રાષ્ટ્રપતિના હસ્તે મોટું સન્માનઃ અલ્કા યાગ્નિક અને મમૂટીને પદ્મ ભૂષણ, આર.માધવનને પદ્મશ્રી એનાયત

**સમય સંદેશઃ નવીદિલ્હી**

રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં કલા જગતની જાણીતી હસ્તીઓને પદ્મ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બીજા તબક્કામાં કલા, સિનેમા અને સંગીત ક્ષેત્રે અપ્રતિમ યોગદાન આપનાર ૬૫ મહાનુભાવોને આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કર્યા હતા.



**અલ્કા યાગ્નિક, પદ્મ ભૂષણઃ** સંગીત જગતમાં છેલ્લા ચાર દાયકાથી પોતાના સદાબહાર અવાજથી શ્રોતાઓના દિલ પર રાજ કરનાર દિગ્ગજ સિંગર અલ્કા યાજ્ઞિકને 'પદ્મ ભૂષણ' સન્માનથી નવાજવામાં આવ્યા છે.

**આર. માધવન, પદ્મશ્રીઃ** અભિનેતા અને ફિલ્મમેકર આર. માધવનને સિનેમામાં તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ 'પદ્મશ્રી' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ ગૌરવપૂર્ણ ક્ષણના સાક્ષી

અનુ પાના નં.૨ પર

## 'આપ'ના ચૈતર વસાવાને મોટો ઝટકા ૭ વર્ષની જેલની સજા

**સમય સંદેશઃ નર્મદા**



ગુજરાતના રાજકારણમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં આમ આદમી પાર્ટીનો જનાધાર મજબૂત કરી રહેલા ફાયરબ્રાન્ડ નેતા અને ડેડિયાપાડા વિધાનસભા બેઠકના ધારાસભ્ય ચૈતર વસાવાને લઈને સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. નર્મદા જિલ્લાની એક અદાલતના એડિશનલ સેશન્સ જજ એ. વી. હીરપરાએ તમામ પુરાવા અને સાક્ષીઓને આધારે મંગળવારે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

અદાલતે ધારાસભ્ય ચૈતર વસાવા, તેમની પત્ની અને અન્ય ૬ સહયોગીઓ સહિત કુલ ૮ લોકોને વન વિભાગના કર્મચારીઓ પર હુમલો કરવા અને કાયદો હાથમાં લેવાના ગંભીર ગુનામાં ૭ વર્ષની જેલની સજા ફટકારી છે. અદાલતનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે આમ આદમી પાર્ટી આગામી ચૂંટણીઓની તૈયારીઓમાં વ્યસ્ત છે.

આ સમગ્ર મામલો આશરે ત્રણ વર્ષ જૂનો એટલે કે ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૩નો છે. વન વિભાગના અધિકારીઓએ સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ઉગાડવામાં આવેલા પાકને હટાવવાની ઝુંબેશ હાથ ધરી હતી, જેના વિરોધમાં ૩૦ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અધિકારીઓને ડેડિયાપાડા ખાતે ધારાસભ્યના સત્તાવાર નિવાસસ્થાને ચર્ચા માટે બોલાવાયા હતા.

પોલીસ મથકે નોંધાયેલી એફઆઈઆર મુજબ, વાતચીત દરમિયાન મામલો બિચક્યો હતો અને ચૈતર વસાવા તેમજ તેમના સમર્થકોએ વન અધિકારીઓ સાથે અભદ્ર વર્તન કરી શારીરિક હુમલો કર્યો હતો. એટલું જ નહીં, ડર ફેલાવવા માટે લાયસન્સવાળા હથિયારથી હવામાં ફાયરિંગ કરી ખેડૂતોના વળતરના નામે નાણાં (ખંડણી) ની માંગણી પણ કરવામાં આવી હતી. આથી વસાવા વિરુદ્ધ આર્મ્સ એક્ટ, રમખાણો કરવા, જબરદસ્તીથી વસૂલાત અને સરકારી કર્મચારીને ફરજ બજાવતા રોકવાની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

## ત્રણ દિવસની તપાસ બાદ જીએસટી વિભાગે કરોડોની છેતરપિંડી મામલે વેપારી પિતા - પુત્રની કરી અટકાયત

### દરેડ જીઆઈડીસીની માંડવરા ટ્રેડિંગ કંપની દ્વારા રૂ.૨૩.૦૮ કરોડની ખોટી વેરાશાખ ઊભી કરી સરકારી તિજોરીને લગાવ્યો ચૂનો

**સમય સંદેશઃ જામનગર**



જામનગર શહેરના ઔદ્યોગિક દરેડ ફેસ-૩ ના પ્લોટ નંબર-૩૧૨૮ પર કાર્યરત આ પેઢી દ્વારા એક સુનિયોજિત ષડયંત્ર રચીને આ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આર્થિક ગુનામાં સંડોવાયેલા આયુષ સુરેશચંદ્ર શાહ અને તેમના પિતા સુરેશચંદ્ર મૂલચંદ્ર શાહ દ્વારા વાસ્તવિક માલસામાનની હેરફેર વિના, માત્ર કાગળ પર જ બોગસ બિલો દર્શાવીને અંદાજે રૂ.૨૩.૦૮ કરોડની જંગી અને તદ્દન ખોટી વેરાશાખ (ઇનપુટ ટેક્સ ક્રેડિટ) ઊભી કરવામાં આવી હતી.

આ મસમોટા કૌભાંડ દ્વારા પિતા-પુત્રની જોડીએ સરકાર સાથે આયોજનબદ્ધ રીતે આર્થિક છેતરપિંડી આચરી હોવાનું પ્રાથમિક તપાસમાં સ્પષ્ટપણે ફલિત થતાં જ એસ.જી.એસ.ટી. વિભાગે બંનેની તાત્કાલિક ધોરણે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ૨૩ કરોડથી વધુના આ મસમોટા આર્થિક કૌભાંડનો પર્દાફાશ થતાં જ દરેડ જીઆઈડીસી વિસ્તારમાં વ્યાપક ખળભળાટ મચી જવા પામ્યો છે. એસ.જી.એસ.ટી. વિભાગ દ્વારા કાયદાનો ગાળિયો કસવામાં આવતા ટેક્સ ચોરી કરતા અન્ય તત્વોમાં પણ ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાલમાં, તપાસ એજન્સીઓ દ્વારા આ કૌભાંડમાં સંડોવાયેલી 'માંડવરા ટ્રેડિંગ કંપની'ના અન્ય આર્થિક વ્યવહારો, બેંક ખાતાઓ અને અન્ય શંકાસ્પદ કનેક્શન્સ અંગે ઝીણવટભરી તપાસ તેજ કરવામાં આવી છે. સરકારી તિજોરીને થયેલા આ જંગી નુકસાનની ભરપાઈ કરવા અને કૌભાંડના મૂળ સુધી પહોંચવા વિભાગે કમર કસી છે, ત્યારે આગામી દિવસોમાં આ કેસમાં વધુ મોટા ખુલાસાઓ થવાની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

વડોદરા, ભાવનગર અને રાજકોટની જીએસટી વિભાગના અધિકારીઓની ટીમોએ આ કાર્યવાહી કરી હતી. ત્રણ દિવસની લંબાણપૂર્વકની તપાસ બાદ થોકબંધ સાહિત્ય કબ્જે કરવામાં આવ્યું છે અને પ્રાથમિક દ્રષ્ટિએ રૂ.૨૩.૦૮ કરોડની છેતરપિંડી મામલે વેપારી પિતા-પુત્રને ઉઠાવી લેવાયા છે.

## ચૈતર વસાવાને સજા મામલે સત્તાપક્ષ પર આકરા પ્રહારોઃ જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ કાર્યવાહીને ગણાવી રાજકીય દ્વેષભાવથી પ્રેરિત



**સમય સંદેશઃ જામનગર**

'આપ'ના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી સાત વર્ષની સજા અંગે ધારાસભ્ય હેમંત ખવાએ સત્તાધારી પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આ સમગ્ર કાયદાકીય કાર્યવાહીને રાજકીય દ્વેષભાવથી પ્રેરિત ગણાવી સત્તાપક્ષની દમનકારી નીતિઓની આકરી આલોચના કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, જનતાના હક માટે લડતા અને વિપક્ષના મજબૂત અવાજ સમાન લોકનેતાને રાજકીય રીતે ટાર્ગેટ કરવાનું આ એક સુનિયોજિત ષડયંત્ર છે.

વધુમાં ઉમેર્યું હતું કે, શાસક પક્ષ ભલે ગમે તેટલા પ્રયત્નો કરી લે પરંતુ લોકશાહીમાં જનતાનો અને ખાસ કરીને આદિવાસી સમાજનો અવાજ ક્યારેય દબાવી શકાશે નહીં. જળ, જમીન અને જંગલની રક્ષા તેમજ ગરીબોના

અનુ પાના નં.૨ પર

## દ્વારકાના નાગેશ્વરમાં સરકારી જમીન પચાવી પાડવાના આક્ષેપથી ખળભળાટ

### લેન્ડ ગ્રેબિંગ સમિતિ સમક્ષ તપાસનો ધમધમાટઃ પડતર જમીન પર ગેરકાયદેસર દબાણની પી.એમ.ઓ. પોર્ટલ સુધી રજૂઆતઃ કલેક્ટર કચેરી દ્વારા ડેપ્યુટી એસપી પાસે વિનાવિલંબે તપાસ અહેવાલની માંગણી

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકા હેઠળના ઐતિહાસિક નાગેશ્વર ગામમાં સરકારી પડતર જમીન પર ગેરકાયદેસર દબાણ અને પ્રવૃત્તિઓ ચલાવવા અંગેનો એક મોટો વિવાદ સામે આવ્યો છે. અરજદાર જયાબેન કેશુભારથી ગોસાઈ (જામનગર) વતી તેમના કુલમુખ્યાર ચેતનભારથી કેશુભારથી ગોસાઈ દ્વારા આ અંગે આઈ.ઓ.આર.એ. પોર્ટલ પર ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા ઓનલાઇન અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં નાગેશ્વર ગામના સર્વે નંબર ૧૧૬, ૧૨૩, ૧૨૪ અને ૪૪૪ વાળી કિંમતી જમીન પર ગિરધરભારથી લીલાભારથી ગોસ્વામી સહિત કુલ ૨૧ જેટલા સામાવાળાઓ દ્વારા ગેરકાયદેસર કબજો કરી જમીન પચાવી પાડવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ ચકચારી મામલે અરજદાર પક્ષ દ્વારા પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ના પી.એજી. પોર્ટલ પર પણ ઓનલાઇન ફરિયાદો નોંધાવવામાં આવતા શાસન અને વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. પી.એમ.ઓ.ની કચેરીના સત્તાવાર સંદર્ભોને આધારે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ દ્વારકા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડ દ્વારા સમગ્ર મામલાની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસ દરમિયાન સામાવાળાઓને મીઠાપુર પોલીસ સ્ટેશન મારફત કાયદાકીય નોટિસો બજવવામાં આવી હતી, જેના આધારે ૧૪ જેટલા સામાવાળાઓએ પોતાનો લેખિત જવાબ રજૂ કર્યો છે.

તપાસ પ્રક્રિયાના ભાગરૂપે તાજેતરમાં જ નાયબ પોલીસ અધિક્ષક તથા નાગેશ્વર ગામના રેવન્યુ તલાટીની સંયુક્ત ટીમ દ્વારા વિવાદાસ્પદ સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લઈને બંને પક્ષકારોની હાજરીમાં વિગતવાર પંચનામું કરવામાં આવ્યું છે. બીજી તરફ, જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીના નાયબ કલેક્ટર રિદ્ધિ રાજગુરુ દ્વારા જમીન પચાવી પાડવાના આ કાયદા હેઠળ ગુનો બને છે કે કેમ તે અંગેનો આખરી સમીક્ષા અહેવાલ વિનાવિલંબે મોકલી આપવા પોલીસ તંત્રને લેખિત સૂચના અપાઈ છે. જિલ્લા પોલીસ વડાએ સ્પષ્ટ કર્યું છે કે રજૂ થયેલા રેકોર્ડ આધારિત સમીક્ષા અહેવાલ ખૂબ જ વહેલી તકે પૂર્ણ કરી લેન્ડ ગ્રેબિંગ સમિતિના અધ્યક્ષ અને કલેક્ટર તરફ મોકલી આપવામાં આવશે અને કાયદાકીય જોગવાઈઓ મુજબ આગળની ન્યાયી કાર્યવાહી હાથ ધરાશે.

### એમ.પી. શાહ મેડિકલ કોલેજ ખાતે 'નમો મૈત્રી ગોષ્ઠી' કાર્યક્રમમાં તબીબી વિદ્યાર્થીઓ સાથે સાધ્યો સીધો સંવાદ

# જામનગર સરકારી જી.જી. હોસ્પિટલને મળી 'કેથલેબ'ની મોટી ભેટ

### ગરીબ દર્દીઓ માટે એન્જિયોગ્રાફી-એનજીઓપ્લાસ્ટીની સુવિધા થશે ઉપલબ્ધઃ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ પત્રકારો સમક્ષ કરી મોટી જાહેરાતઃ આગામી ૬ મહિનામાં પ્રોજેક્ટ કાર્યરત થઈ શકે








તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને સમગ્ર હાલાર પંથકના ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ માટે આરોગ્ય ક્ષેત્રે એક ખૂબ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ૨૩ જૂન ૨૦૨૬, મંગળવારના રોજ જામનગરની સત્તાવાર મુલાકાતે આવેલા રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયાએ ગુરુગોવિંદસિંગ (જી.જી.) હોસ્પિટલના વિકાસ માટે એક અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

મંત્રીશ્રીએ પત્રકારો સમક્ષ સત્તાવાર રીતે જણાવ્યું હતું કે, હવે જી.જી. હોસ્પિટલમાં પણ હૃદયરોગની ગંભીર બીમારીઓ માટે અત્યંત જરૂરી એવી એન્જિયોગ્રાફી અને એનજીઓપ્લાસ્ટીની સારવાર ઉપલબ્ધ બનશે. આ માટે હોસ્પિટલને અત્યાધુનિક 'કેથલેબ'ની મોટી ભેટ આપવામાં આવી છે, જે સંભવતઃ આગામી છ મહિનાની અંદર સંપૂર્ણપણે કાર્યરત કરી દેવામાં આવશે. આ સુવિધા શરૂ થવાથી સ્થાનિક સ્તરે હૃદયરોગના દર્દીઓને ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચમાંથી મોટી મુક્તિ મળશે.

પોતાની મુલાકાત દરમિયાન આરોગ્ય મંત્રીએ જી.જી. હોસ્પિટલના વહીવટી તંત્ર અને તબીબી સેવાઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. ત્યારબાદ, જામનગરની પ્રતિષ્ઠિત એમ.પી. શાહ મેડિકલ કોલેજના ઓડિટોરિયમ ખાતે એક વિશેષ 'નમો મૈત્રી ગોષ્ઠી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ મેડિકલ ક્ષેત્રનો અભ્યાસ કરી રહેલા ભાવિ તબીબો અને વિદ્યાર્થીઓ સાથે ખૂબ જ હળવાશભર્યા વાતાવરણમાં સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક અનુભવો જાણ્યા હતા અને તેઓને તબીબી જગતમાં ઉમદા સેવા પ્રદાન કરવા તેમજ નૈતિક મૂલ્યો સાથે દર્દીઓની સારવાર કરવા માટે વિશેષ પ્રેરણા પૂરી પાડી હતી.

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### બજારનો મૂડ !

આપણે બધાં સારી રીતે જાણીએ છીંએ કે, બજારમાં ડિમાન્ડના રૂપ બદલાતા રહે છે. વેપારીઓ ખુદ ધંધાની રૂખ પારખી શકતા નથી અને એમના અનુભવો નજીકના ભવિષ્યનો તાગ મેળવવામાં કંઈ કામમાં આવતા નથી. ડિમાન્ડનું પતન થતા બજારમાં ગ્રાહકો ઘટી ગયા છે ને મુલાકાતીઓ વધી ગયા છે. દેશના સામાન્ય બજારોમાં દુકાનદારો અત્યારે વેચાણ અને પ્રોડક્ટ બદલાવવાના અખતરાઓ પણ કરતા દેખાય છે. જ્યાં કપડાંની શોપ હતી તે હવે બુટચપ્પલની શોપ છે. ફરી જશો ત્યારે કરિયાણાની હશે અને એના પછી મેડિકલ સ્ટોર પણ હોઈ શકે. અનેક વેપારીઓએ પોતાની વરસો જૂની વ્યાપારિક પરંપરા બદલાવી છે. છતાંય તેઓ જે ડિમાન્ડ શોધે છે એ એમના શોપ તરફ આવી નથી. અમેરિકાનું અર્થતંત્ર નંબર વન પર હતું અને હજુ એ સ્થાન એણે જાળવી રાખ્યું છે. અમેરિકા વિરુદ્ધ પ્રચાર તો ચાલુ જ હોય છે, કારણ કે નંબર વનનો અર્થ જ ઈર્ષાનો સામનો કરનાર એવો થાય છે. અખાતી યુદ્ધે ઘણો ઘસારો પહોંચાડયો હોવા છતાં જેમ પહાડમાંથી પથ્થર પડે તો પહાડ નાનો ન થઈ જાય એવું અમેરિકાનું પ્રબળ સ્વત્વ છે. ચીન જેવા વ્યાપારિક માંધાતાને પછાડવામાં સતત એકાગ્ર રહેવા છતાં ટ્રમ્પે બહુ કુશળતાથી પોતાનું ઘર સાચવી લીધું છે, કારણ કે ટ્રમ્પ પોતે યશકીર્તિ કામનાઓથી ધરાઈ ગયેલા છે. એમને પોતાના ડંકા વગાડતા રહેવામાં જ રસ છે ને એ માટે એ કોઈ પણ હદે જઈ શકે છે. ભાજપની જે અનિશ્ચિત અને સતત બદલતી નીતિઓ છે, એનો દેશના અર્થતંત્રને ગેરલાભ વધુ અને લાભ ઓછો થયો છે. ભાજપે એનડીએનું નેતૃત્વ લઈ કેન્દ્રમાં ઉપરાઉપરી ત્રીજી સરકાર બનાવી, પરંતુ પાછલી પહેલીવારની અને બીજી વારની શાસન પ્રણાલિકાની ભૂલોમાંથી એણે કોઈ જ બોધપાઠ ન લીધો. હવે ત્રીજી ઈનિંગ પણ ઘણી આગળ વધી ગઈ છે. ભારત એક વિશિષ્ટપ્રકારની રાજસ્વીતાથી મુખરિત દેશ છે. એમાં બંધારણ તો એક આધારશીલા છે, પરંતુ અલિખિત પણ ઘણું છે અને એ પણ દરેક સરકાર જાણતી જ હોય છે. લિખિતમાં સત્તાઓ વધારે પ્રાપ્ત થાય છે અને અલિખિત પરંપરામાં કેન્દ્ર સરકારની જવાબદારીઓ વધુ ફિક્સ થાય છે. આજે ભાજપ તરફ લોકમત જે વિવિધ બહાને તબક્કાવાર બદલાતો જાય છે અને કોકરોચ જેવા નવાં પ્રકરણો સપાટી પર આવે છે એનું કારણ એક જ છે કે સામાન્ય બુદ્ધિથી પ્રજા હિત હૈયે રાખીને જે જવાબદારીઓ સરકારે અદા કરવાની છે એમાં કેન્દ્ર પાછી પાની કરે છે અને એનું જ પ્રતિબિંબ અર્થકારણમાં સરવાળે વ્યક્ત થાય છે. ભારત એક દેશ તરીકે પ્રચંડ શક્તિશાળી છે.



## હાલારના હાલહવાલ



# બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા દ્વારકા જિલ્લાની સમીક્ષા




દેવભૂમિ દ્વારકા જીલ્લા કલેકટર કચેરી ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઇ હતી.જેમા આયોગ ના ચેરપસેન.સચીવશ્રી. સભ્યશ્રી. જીલ્લા વહીવટી તંત્ર અધિકારીઓ તેમજ બાળ કલ્યાણ સમિતિ ના ચેરમેન અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમા બાળકો ની સુરક્ષા. શિક્ષણ. આરોગ્ય. પોષણ અને બાળ અધિકારો ના અસરકારક અમલીકરણ અંગે ચર્ચા કરીને સંબંધિત વિભાગો ને વધુ સંકલન સાથે કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી બાળકો ના સુરક્ષિત અને ઉજ્વળ ભવિષ્ય માટે જવાબદારી પુવેક કામગીરી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## ખંભાળિયા વિસ્તારમાં પરપ્રાંતીય પાસિંગની દોડતી ખાનગી બસો પર આરટીઓ તંત્રની તવાઈ

### ૧૪ જેટલી ખાનગી બસોના માલિકને રૂ. ૧૫ લાખ જેટલો દંડ ફટકારાયો




**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા વિસ્તારમાંથી પસાર થતી અને અન્ય રાજ્યના પાર્સિંગ વાળી લાંબા રૂટની ખાનગી બસ અંગે ખંભાળિયા આરટીઓ વિભાગ દ્વારા આજરોજ સઘન ચેકિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. તેમાં ટુરિસ્ટ પરમિટનો ભંગ તેમજ ટેક્સ ચોરી સંદર્ભે જુદી જુદી ૧૪ બસો ડીટેઇન કરી, અંદાજિત રૂપિયા ૧૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ સમગ્ર પ્રકરણ અંગે આરટીઓ વિભાગ દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા નજીક આવેલા ટોલ પ્લાઝા પાસે આજે સવારથી અહીંના આરટીઓ કચેરીના એ.આર.ટી.ઓ. તેમજ સ્ટાફ દ્વારા ખાનગી બસ અંગે મેગા ચેકીંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેટલાક ખાનગી બસ સંચાલકો દ્વારા ઓલ ઇન્ડિયા ટુરિસ્ટ પરમિટનો ભંગ કરી, ગુજરાત રાજ્યનો ટેક્સ ચોરી કરવામાં આવતો હોવાનું ખુલવા પામ્યું છે.

ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર થયેલી તેમજ ગુજરાત રાજ્યમાં પણ રજીસ્ટર થયેલી કુલ ૧૪ બસોને નિયમભંગ વિરુદ્ધ ડીટેઈન કરવામાં આવી હતી. તેમાં ગુજરાત રાજ્યનો ટેક્સ ચોરી કરવા સંદર્ભે ૮ બસને ડીટેઈન કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ તમામ બસના સંચાલકોને આશરે રૂ. ૧૫ લાખ જેટલી તોતિંગ રકમનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું પણ દ્વારા જાણવા મળ્યું છે. હાલ દ્વારકા અને અમદાવાદ, સુરત બરોડા વચ્ચે ચાલતી સ્લીપર બસમાં ટૂરિસ્ટ પરમિટનો ભંગ થતો હોવાથી આગામી દિવસોમાં પણ આ ડ્રાઇવ ચાલુ રહેનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

### જામજોધપુરમાં 'પિતા'ને પકડાવી દીધાં

જામજોધપુર તાલુકાના વેણુનાપુલ પાસે રહેતા સુભાષભાઈ મનુભાઈ પરમાર દારૂ પીને ઘરે આવી ઝઘડો કરી બકવાસ કરતા સુભાષભાઈ ના પુત્ર સંજય ભાઈ સુભાષભાઈ પરમાર ૧૧૨ ઈમરજન્સી સેવા ને જાણ કરી પોલીસ બોલાવી હતી અને પોલીસને તેમના ડિંગલ કરી રહેલ પિતાને સોંપતા પોલીસે દારૂબંધી કાયદા અધિનિયમ હેઠળ ફરીયાદ નોંધી અટકાયત કરી હતી આ બનાવ અંગે પોલીસ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયાની દેરામોરા શાળામાં સાંસદ જિતેન્દ્ર કણઝારિયાએ બાળકોને કરાવ્યો પ્રવેશ




**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાની દેરામોરા પ્રાથમિક શાળામાં રાજ્યસભાના સાંસદ જિતેન્દ્રભાઈ કણઝારિયાના હસ્તે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના નવા શૈક્ષણિક સત્રમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રથમ વખત પ્રવેશ મેળવનાર તમામ નાના ભૂલકાંઓનું મહાનુભાવો દ્વારા હાર્દિક સ્વાગત કરી તેમને ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ જિતેન્દ્રભાઈ કણઝારિયાએ જણાવ્યું હતું કે, શિક્ષણનું સાર્વત્રિકરણ કરવા અને



કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી આ મહાઉત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. વર્તમાન સમય સાથે તાલ મિલાવવા માટે શિક્ષણ અત્યંત અનિવાર્ય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર શૈક્ષણિક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે મોટું બજેટ ફાળવી રહી છે અને શિક્ષણનો વ્યાપ વધારવા માટે વિવિધ સરકારી યોજનાઓ અમલમાં મૂકી રહી છે. કાર્યક્રમ દરમિયાન શાળામાં પ્રથમ ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ સહિત 'બાળ પ્રતિભા શોધ સ્પર્ધા-૨૦૨૬'માં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીનું સાંસદના હસ્તે વિશેષ સન્માન કરાયું હતું. નગરપાલિકાના ચીફ ઓફિસર રાહુલભાઈ કરમૂર અને શાળાના આચાર્યે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ ઉજવણીમાં પ્રાથમિક શિક્ષણ વિભાગના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર ડો. અશોકકુમાર ઠક્કર, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ચીમનભાઈ નકુમ, અગ્રણીઓ મયુરભાઈ નકુમ, સંજયભાઈ નકુમ, સ્થાનિક સરપંચ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટના પરિવારની કાર ખાડામાં ખાબકી



**સમય સંદેશઃ જામનગર**

ખંભાળિયાથી પરત રાજકોટ જતા પરિવારના લોકો પોતાની ફોરવીલમાં મેહુલ સિનેમેક્ષ પાસે આવેલ ગુજરાત ગેસમાં ગેસ ભરાવીને ગાડી ટન વાળતા ખાડામાં ખાબકી વરસાદ નસીબે કોઈપણ જાતની ગાડીમાં બેસેલા લોકોને ઈજા થઈ ન હતી પણ ગાડીમાં બેઠેલા મહિલા દ્વારા આક્રોશ ઠેલાવવામાં આવ્યો હતો કે આ તંત્રની ઘોર બેદરકારી કહેવાય ત્રણ વાર્તા જ આવડો મોટો ખાડો એવી ખુલ્લો પડ્યો છે ત્યાં કોઈપણ જાતનું બીરિકેટ પણ ન લગાવવામાં આવ્યુ હતું. અમને લોકોને કંઈ થયું હોત તો એના જીએમદાર કોણ હોત.

### જામનગર-રાજકોટ હાઈવે નજીક માસ્ક સાથે ચોરી કરતી ગેંગનો આંતક



**સમય સંદેશઃ જામનગર**

જામનગર-રાજકોટ હાઇવે રોડ પર આવેલ ઇસ્કોન મંદિર નજીક છેલ્લા ૨ દિવસ થી માસ્ક પહેરીને આવતી ગેંગ દ્વારા વાહન ની ચોરી કરી હતી. સમગ્ર મામલો સી.સી.ટી.વી માં કેદ થયો હતો. ઉલ્લેખનીય એ છે કે, જ્યાં ચોરી નો બનાવ બન્યો છે તે વિસ્તાર પંચકોષી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન થી માત્ર ૧૦૦ મીટર ના અંતરમાં છે. માસ્ક પેહરીને ચોરી કરતી ગેંગ થી સમગ્ર વિસ્તારમાં ભય નો માહોલ છવાયો છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### ક્રિકેટ સિલેક્શન

(પાના નં. ૪ થી આગળ)

મુજબ સિલેક્ટર બની જ ન શકે. આ ઉપરાંત ૨૦૨૫ના નિયમ મુજબ સ્થાનિક રજીસ્ટ્રેશન ધરાવતા લોકોને પ્રાધાન્ય ન આપી નિયમોનું ઉલ્લંઘન કરાયું છે. વાલીઓની વિનંતીથી બાળકોનું ભવિષ્ય ન બગડે તે માટે હાલ ટ્રાયલ્સ અટકાવી નથી, પરંતુ જો સિલેક્શન ન્યાયી નહીં થાય તો આ અન્યાય સામે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને સત્તાવાર પ્રશ્નો પૂછી કોર્ટમાં કાયદાકીય લડત લડવાની ચીમકી તેમણે ઉચ્ચારી છે.

### બેડીમાં નિયાઝ

(પાના નં. ૪ થી આગળ)

સંઘાર, અનવર સંઘાર, ફરીદાબેન અનવર સંઘાર અને એજાજ અનવર સંઘાર ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી મારપીટ કરી હતી. ફરિયાદ મુજબ અનવર સંઘારે લાકડી વડે હુમલો કરી ઇજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બેડીમરીન પોલીસ દ્વારા બંને ફરિયાદોના આધારે કાયદેસરની કાર્યવાહી અને તપાસ શરૂ કરવામાં આવી છે.

### ફર્લો રજા લઈ

(પાના નં. ૪ થી આગળ)

આ સમગ્ર કાર્યવાહી ખંભાળિયા પોલીસ મથકના પી.આઈ. સી.આર. રાણા, ઇન્ચાર્જ પી.આઈ. એચ.જી. રાઠોડ, પી.એસ.આઈ. સરતાજ સાંધ, એ.એસ.આઈ. હેમતભાઈ નંદાણીયા, હરપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, સામતભાઈ ગઢવી, માંડણભાઈ ગઢવી, કાનાભાઈ લુણા, અરજણભાઈ આંબલીયા અને ભુપેન્દ્રસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

### વરસાદ ખેંચાવાની સ્થિતિ

(પાના નં. ૪ થી આગળ)

જામનગર જ નહીં હાલાર પંથકમાં પણ ક્યાંય નોંધવા લાયક વરસાદ પડયો નથી.પીવાના પાણીની કટોકટી સર્જાયે તે પહેલા મેઘરાજા કૃપા વરસાવે તેવી આશા શહેરીજનો વ્યકત કરી રહ્યા છે.પીવાના પાણીની ઉપરાંત હાલારના ગામડાઓમાં પણ ખેતીને હાલ પાણીની જરૂર છે.કેમકે અત્યારે વાવણી કરવાનો સમય છે છતાં વરસાદ નહીં પડતા ખેડૂતો વાવણનું શરૂ કરી શકેલ નથી તો જેમને આગોતરી વાવણી કરેલ છે તેને હાલ પાણીની તાતિ જરૂરિયાત છે.

### ધારાસભ્ય દિવ્યેશ અકબરી

(પાના નં. ૩ થી આગળ)

મુખ્ય કાર્યક્રમો યોજાયા હતા, જ્યાં બાળકોને કુમકુમ તિલક અને શૈક્ષણિક કીટ આપી આવકારવામાં આવ્યા હતા. આ શહેરી શૈક્ષણિક મહોત્સવમાં મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા, ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત્તમભાઈ કકણાણી અને શાસનાધિકારી ફાલ્ગુનીબેન ભટ્ટ સહિતના ઉચ્ચ પદાધિકારીઓએ હાજરી આપી વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દી માટે પ્રેરણા આપી હતી.

### 'કેથલેબ'ની મોટી ભેટ

(પાના નં. ૧ થી આગળ)

આ ઉચ્ચ સ્તરીય બેઠક, પત્રકાર પરિષદ અને વિદ્યાર્થીઓ સાથેના સંવાદ કાર્યક્રમમાં જામનગર જિલ્લાના અનેક વરિષ્ઠ રાજકીય અગ્રણીઓ અને વહીવટી વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જામનગર ઉત્તર-દક્ષિણના ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી, ધારાસભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડા, રાજ્યના પૂર્વ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, જામનગર શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી તેમજ મેડિકલ કોલેજના ડીન ડો. નંદનીબેન દેસાઈ સહિતના ઉચ્ચ હોદ્દેદારો અને હોસ્પિટલના તબીબી અધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા. સરકારની આ નવી આરોગ્યલક્ષી જાહેરાત અને હકારાત્મક અભિગમને કારણે જામનગરના નાગરિકો તેમજ મેડિકલ આલમમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ વ્યાપી ગયો છે.

### ચૈતર વસાવાને સજા

(પાના નં. ૧ થી આગળ)

કલ્યાણ માટે ચૈતર વસાવાએ જે લડત ઉપાડી છે, તેને કોઈ સજા કે જેલનો ભય રોકી શકશે નહીં. સત્તાના નશામાં ચૂર શાસકો એ ન ભૂલે કે લોકશાહીમાં જનતા જ ભાગ્યવિધાતા છે અને આદિવાસી સમાજ તેમજ વિપક્ષને ડરાવવાના થઈ રહેલા આ પ્રયાસોનો જવાબ ગુજરાતની જનતા યોગ્ય સમયે ચોક્કસ આપશે.

### ગૅસ સસ્તો થશે

(પાના નં. ૧ થી આગળ)

સંકટને કારણે એપ્રિલ ૨૦૨૬ માં આયાત ઘટીને માત્ર ૬.૯૬ લાખ ટનના તળિયે પહોંચી ગઈ હતી. સ્થિતિની ગંભીરતાને સમજીને ભારત સરકારે સમયસર મધ્યસ્થી કરી અને સરકારી તેલ કંપનીઓને તાત્કાલિક અમેરિકાના સ્પોટ માર્કેટમાંથી ગમે તે ભાવે એલપીજી ખરીદવાનો આદેશ આપ્યો હતો, જેના કારણે મે મહિનામાં આયાત ૧૧.૫ લાખ ટન થઈ હતી અને જૂનમાં આ આંકડો ૧૧ થી ૧૨ લાખ ટન રહેવાનો અંદાજ છે.

આ સંકટ સમયમાં ભારતે માત્ર વિદેશી આયાત પર નિર્ભર રહેવાને બદલે સ્થાનિક સ્તરે પણ મજબૂત પગલાં લીધા છે, જેમાં કોમર્શિયલના બદલે ઘરેલું ગ્રાહકોને પ્રથમ પ્રાથમિકતા અપાઈ છે અને દેશની રિફાઇનરીઓને ઉત્પાદન મહત્તમ કરવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત દેશના શહેરોમાં પાઇપ્ડ નેચરલ ગેસ નેટવર્ક ઝડપી બનાવવામાં આવતા એલપીજી વપરાશમાં ૧૫% થી ૨૦% નો ઘટાડો નોંધાયો છે, જે એક સકારાત્મક સંકેત છે. જૂન મહિનામાં સપ્લાય ચેઈન જાળવી રાખવા માટે અમેરિકા ઉપરાંત યુએઈ તરફથી ૩ થી ૪ લાખ ટન, કુવૈત તરફથી ૪૫,૦૦૦ ટન તેમજ ઇરાન, ઓમાન અને કતાર જેવા દેશોમાંથી પણ મર્યાદિત માત્રામાં પુરવઠો ચાલુ રાખવામાં આવ્યો છે.

### સાંબેલાધાર વરસાદ

(પાના નં. ૧ થી આગળ)

મેઘમહેર યથાવત રહી છે. ડાંગ જિલ્લાના પ્રસિદ્ધ ગિરીમથક સાપુતારામાં સતત વરસાદને પગલે સર્પગંગા તળાવ આસપાસનું વાતાવરણ ધુમ્મસની ચાદર લપેટાઈ જતાં મનમોહક કુદરતી સૌંદર્ય ખીલી ઊઠ્યું છે, જેનો પ્રવાસીઓ ભરપૂર આનંદ માણી રહ્યા છે. આ ઉપરાંત વલસાડ શહેરના તિથલ રોડ, હાલર રોડ તેમજ આસપાસના કોસંબા અને સેગવી જેવા ગ્રામ્ય વિસ્તારોમાં પણ સવારથી જ હળવોથી મધ્યમ વરસાદ નોંધાતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે.

હવામાન વિભાગના તાજા અનુમાન મુજબ, રાજ્યમાં વરસાદી સિસ્ટમ વધુ મજબૂત બની રહી છે અને આગામી ૨૬ જૂન આસપાસ ગુજરાતમાં સત્તાવાર રીતે ચોમાસું બેસી જવાની પ્રબળ શક્યતા છે. આગામી દિવસોમાં મધ્ય અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પણ તેજ પવન સાથે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે. બદલાતા હવામાનને પગલે વહીવટી તંત્રને સાબદું કરવામાં આવ્યું છે તેમજ દરિયાકાંઠાના વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અને માછીમારોને દરિયો ન ખેડવા વિશેષ સૂચના આપવામાં આવી છે.

### રાષ્ટ્રપતિના હસ્તે મોટું સન્માન

(પાના નં. ૧ થી આગળ)

બનવા માટે તેમના પત્ની અને પુત્ર પણ રાષ્ટ્રપતિ ભવનમાં હાજર રહ્યા હતા.

**મમૂટી, પદ્મ ભૂષણ :** સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના દિગ્ગજ કલાકાર અને પાંચ દાયકાથી વધુ લાંબી ફિલ્મી સફર ખેડી ચૂકેલા મલયાલમ સુપરસ્ટાર મમૂટીને પણ 'પદ્મ ભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. પિતાના આ ઐતિહાસિક સન્માનને વધાવવા માટે તેમનો પુત્ર અને જાણીતો અભિનેતા દુલકર સલમાન પણ ખાસ ઉપસ્થિત રહ્યો હતો.

**સતીશ શાહ, મરણોપરાંત પદ્મશ્રી એવોર્ડ :** ભારતીય સિનેમા, ટીવી અને થિયેટર જગતના લોકપ્રિય કલાકાર અને અદ્ભુત કોમેડિયન દિવંગત સતીશ શાહને મરણોત્તર 'પદ્મશ્રી' એનાયત કરાયો છે. તેમના ભાઈ અરવિંદ શાહે રાષ્ટ્રપતિ પાસેથી આ એવોર્ડ સ્વીકાર્યો ત્યારે ઉપસ્થિત ચાહકો અને કલાકારો ભાવુક બન્યા હતા.

### કારની ઠોકરે

(પાના નં. ૩ થી આગળ)

પોલીસે મૃતકના ભત્રીજા સુરેશભાઈ નગાભાઈ પાથર (ઉ.વ. ૩૫. રહે. મોટી ગોપ) ની ફરિયાદ પરથી કારચાલક હસમુખભાઈ ગાંગાણી સામે બી.એન.એસ. અને એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એમ.આર. બારડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### ટ્રેડ ડિલ

(પાના નં. ૧ થી આગળ)

જાહેરાત થઈ શકે છે. આ કરાર માટે બંને પક્ષો એટલા માટે ઉતાવળ કરી રહ્યા છે કારણ કે તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલી ૨૪ July ની ૧૦% ટેરિફ ડેડલાઇન પહેલા કરાર કરીને વિશેષ વ્યાપારી લાભો મેળવવા માંગે છે.

## ચાલતા યંત્રે



તસવીરઃ હિરેન ગાંધી

**જામનગરમાં લૂખ્ખાઓ બેફામ... જામનગર મહાનગર પાલિકાના હંગામી કર્મચારીઓ ઉપર હુમલો... વધુ વિગતો મેળવાઈરહી છે..**

# જામનગર ગ્રામ્યમાં શાળા પ્રવેશોત્સવઃ રાજ્ય મંત્રીની પ્રેરક ઉપસ્થિતિ

## હડમતિયા ક્લસ્ટરની શાળાઓમાં ૧૩૫ બાળકોનું શૈક્ષણિક કીટ આપી સ્વાગત કરાયું; ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ સહિતના અગ્રણીઓ રહ્યા હાજર








તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના હડમતિયા ક્લસ્ટર હેઠળની પસાયા તાલુકા શાળા, બેરાજા પ્રાથમિક શાળા તથા સપડા સરકારી માધ્યમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમોમાં નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવનાર કુલ ૧૩૫ વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કીટ અર્પણ કરી સ્વાગત કરાયું હતું. જેમાં પસાયા શાળામાં ૪૪, બેરાજા શાળામાં ૪૭ અને સપડા શાળામાં ૪૪ બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ માત્ર એક સરકારી કાર્યક્રમ નથી, પરંતુ દરેક બાળકના જીવનમાં જ્ઞાનના નવા દ્વાર ખોલે છે. રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય નવી પેઢીને ગુણવત્તાયુક્ત શિક્ષણ, સર્જનાત્મકતા, ટેકનોલોજી અને જીવન કૌશલ્યો આપી આત્મનિર્ભર બનાવવાનો છે, જેના કારણે રાજ્યમાં ડ્રોપઆઉટ રેશિયો પણ ઘટ્યો છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે વાલીઓને સક્રિય સહભાગી બનવા અપીલ કરવાની સાથે કન્યા કેળવણીના સંદેશને મજબૂત કરવા માટે મંત્રીશ્રીએ શાળાની વિદ્યાર્થીનીઓને સન્માનની ઓઢણી અર્પણ કરી વિશેષ સન્માનિત કરી હતી. કાર્યક્રમ દરમિયાન ઈઊઝ, જ્ઞાનસાધના અને નવોદય જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. આ સાથે પર્યાવરણ જાગૃતિ માટે તમામ શાળાઓમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રવેશોત્સવમાં ધારાસભ્ય શ્રી રાઘવજીભાઈ પટેલ, અગ્રણી ડો.વિનોદભાઈ ભંડેરી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા સહિત જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચ, શિક્ષકો, વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને મ્યુનિસિપલ કમિશનરની આગેવાનીમાં શહેરી પ્રવેશોત્સવ



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શહેરની વિવિધ શાળાઓમાં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ હતી. ધારાસભ્ય શ્રી દિવ્યેશ અકબરીની અધ્યક્ષતામાં એરફોર્સ રોડ પરની દેવરાજ દીપાલ સ્કૂલ અને મનપા સંચાલિત પ્રથમ મોડેલ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ ખાતે

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લામાં આંગણવાડીથી ધો.૧૧ સુધીમાં ૨૬૯૯૦ને અપાશે પ્રવેશ

**સમય સંદેશઃ જામનગર**

રાજ્ય સરકારના શિક્ષણલક્ષી અભિગમને સાકાર કરવા માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર જિલ્લામાં પણ આ ઉજવણી અંતર્ગત તા.૨૩ થી તા.૨૫ દરમિયાન શાળા પ્રવેશોત્ અને કન્યા કેળવણી મહોત્વની ઉજવણી કરવામાં આવશે. જિલ્લા કલેકટરશ્રી પી.બી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર તથા શિક્ષણ વિભાગ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓમાં પ્રવેશપાત્ર બાળકોને શાળામાં દાખલ કરાવવા, શાળા છોડનાર બાળકોને પુનઃ શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા તેમજ કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારના મંત્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ તથા લોકપ્રતિનિધિઓ વિવિધ શાળાઓની મુલાકાત લઈ બાળકોનું સ્વાગત કરશે.

જામનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કુલ ૨૬,૯૯૦ બાળકો પ્રવેશ મેળવશે. જેમાં આંગણવાડીમાં ૩૭૯૪, બાલવાટિકા-૨માં ૭૦૨૫, ધોરણ-૧માં ૮૪૭૭, ધોરણ-૯માં ૫૪૮૦ તેમજ ધોરણ-૧૧માં ૨૨૧૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જિલ્લાવાર વિગતો અનુસાર જામનગર તાલુકામાં ૯૮૫૨, ધ્રોલમાં ૨૯૭, જોડિયામાં ૧૪૬૧, કાલાવડમાં ૪૦૦૨, લાલપુરમાં ૪૭૨૦ તથા જામજોધપુર તાલુકામાં ૩૯૮૨ બાળકો વિવિધ કક્ષાઓમાં પ્રવેશ મેળવશે.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ, કન્યા શિક્ષણ અંગે જાગૃતિ, વાલી સંપર્ક અભિયાન તથા શાળા છોડનાર બાળકોના પુનઃ પ્રવેશ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વાલીઓ, શિક્ષકો, ગ્રામજનો અને આગેવાનોને શિક્ષણના મહાયજ્ઞમાં સહભાગી બની દરેક બાળકને શિક્ષણના અધિકાર સાથે જોડવા અને વિકસિત ગુજરાતના નિર્માણમાં સહયોગ આપવા અનુરોધ કર્યો છે.

# જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેકટર પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજુ કરવામાં આવેલ વિવિધ જનહિતના પ્રશ્નો, વિકાસકાર્યો તેમજ અગાઉની બેઠકોમાં રજૂ થયેલા પડતર પ્રશ્નોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. વિવિધ વિભાગોના અધિકારીઓને પ્રશ્નોના સમયબદ્ધ નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ દ્વારા રજુ કરવામાં આવેલા પ્રશ્નો જેમાં માર્ગ અને મકાન વિભાગને લગત રોડ રસ્તાના પ્રશ્નો, જમીન માપણીને લગત પ્રશ્ન, જાહેર આરોગ્ય અને બાંધકામ વિભાગને લગત પ્રશ્ન, પીજીવીસીએલ, પીવાના પાણી અંગે, પાણી પુરવઠા બોર્ડ, એસટી બસોના રૂટ શરુ કરાવવા અંગેના પ્રશ્નો અંગે ચર્ચા કરી યોગ્ય કાર્યવાહી કરવા કલેકટરશ્રીએ લગત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા દ્વારા રજુ કરવામાં આવેલા પ્રશ્નો જેમાં વીજ લાઈનના પ્રશ્નો, રોડ-રસ્તાના પ્રશ્નો, રસ્તાનું ડાયવર્ઝન આપવા અંગે રજૂઆત, સિંચાઈ વિભાગ, ઉંડ જળ સંચય વિભાગને લગત વિવિધ પ્રશ્નો અંગે હકારત્મક દિશામાં ચર્ચા કરી કામગીરી કરવા લગત અધિકારીઓને સૂચનો આપવામાં આવ્યા હતા.

ધારાસભ્ય હેમંતભાઈ ખવા દ્વારા વિવિધ વિભાગોને લગત પ્રશ્નો જેમાં જામજોધપુર-લાલપુરના વિસ્તારોમાં માર્ગોની સ્થિતિ, સિંચાઈ સંબંધિત પ્રશ્નો, આઈસીડીએસ વિભાગને લગત પ્રશ્ન, ઉંડ અને જળ સિંચન વિભાગને લગત પ્રશ્ન, વીજ પુરવઠો, જમીન સંબંધિત પ્રશ્નો, નગરપાલિકાની કામગીરી તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અંગે રજૂઆતો કરવામાં આવી હતી.

કલેક્ટરએ તમામ વિભાગીય અધિકારીઓને પ્રજાલક્ષી પ્રશ્નોના સમયમર્યાદામાં નિરાકરણ માટે સંવેદનશીલતા સાથે કામગીરી કરવાની સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ થતા પ્રશ્નો લોકોની જરૂરિયાતો અને અપેક્ષાઓ સાથે સીધા જોડાયેલા હોય છે. તેથી આવા પ્રશ્નોના ઉકેલ માટે વિભાગો વચ્ચે સંકલન સાધી ઝડપી કાર્યવાહી કરવામાં આવે.બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓએ વિવિધ પ્રશ્નો અંગે થયેલી કામગીરીની વિગતો રજૂ કરી હતી અને બાકી રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે હાથ ધરવામાં આવનાર કાર્યવાહીની માહિતી આપી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, જિલ્લા વિકાસ અધિકારી નિશા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, પ્રાંત અધિકારીઓ, લગત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડેન્ટલ હોસ્પિટલના ઉચાપત કાંડમાં હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય ન મેળવાતા ચકચાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ હોસ્પિટલમાં ડીનની સહિવાળા ૧૫ ચેકોના ઉપયોગ દ્વારા કરાર આધારિત કર્મચારીએ છ માસમાં રોગી કલ્યાણ સમિતિને સરકારે આપેલા નાણામાંથી રૂ.૧.૩૯ કરોડ જેવી જંગી રકમ બેંકમાંથી અમુક ખાતામાં મેળવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાયાના એક માસ પછી પોલીસ દ્વારા હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મેળવવા કાર્યવાહી હજી સુધી કરવામાં આવી નથી. આ કામગીરી હવે કરવામાં આવશે. તેમ પોલીસ સુત્રો જણાવે છે.

પરંતુ આ કેસની સાથે સાથે જિલ્લામાં આરોગ્યના ૪૩ સ્થાનો ઉપર બનેલી રોગી કલ્યાણ સમિતિના આર્થિક અને અન્ય વહિવટની પણ તપાસ થાય તે જરૂરી બન્યું છે. જ્યાં જ્યાં રોગી કલ્યાણ સમિતિઓ છે, ત્યાં સરકારી હોસ્પિટલો પોતાની રીતે ખાનગી સીએ રાખીને ઓડિટ કરાવીને સરકારને અહેવાલ મોકલી આપે.

તેવી જોગવાઈ સરકારે રાખી છે. ડેન્ટલ કોલેજમાં ૧૫ ચેકો દ્વારા સરકારી નાણાના બહાર આવેલા કેસ અંગે ડીન ડો.નયનાબેન પટેલએ જણાવ્યું હતું કે, પોતે કામમાં વ્યસ્ત હોય ત્યારે વિશ્વાસમાં લઈને સહિ લઈ લેવામાં આવી અને બાદમાં રકમ ભરી નંખાઈ હોવાનું હોય શકે. તેમજ પોતાની ખોટી સહિ પણ થઈ હોય શકે. નેશનલ હેલ્થ મીશનનો કરાર આધારિત જુનો કર્મચારી શોભિત ગર્ગ રોગી કલ્યાણ સમિતિના કામમાં હોશિયાર હોવાથી તેને કામ સોંપાયું હતું. તેણે અમારો વિશ્વાસ ભંગ કર્યો છે. તેણે ડોક્ટરો સમક્ષ મૌખિક, લેખિત કબુલાત કર્યા બાદ ફરિયાદની કાર્યવાહી કરાઈ છે. આ પ્રકરણની પોલીસની તપાસમાં ચેક કોની ફેવરમાં લખાયો છે ? તેના તેમજ ડીનની ખોટી સહિ કરવામાં આવી છે કે કેમ ? તેવા મુદ્દાનું તારણ મળી શકે તે માટે હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય લેવાવો જરૂરી છે.

# જામનગરના વોર્ડ નં.૪ના લોકોને સિટી બસ સેવાનો લાભ આપવા માંગણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં વોર્ડ ચારમાં આવેલા રહેતા રહેવાસીઓને ઇ સિટબસ સેવા શરૂ કરવા સામાજિક કાર્યકર સુભાષ ગુજરાતી એ મહાનગરપાલિકાના કમિશનરને પત્ર પાઠવી માંગ કરી છે.

મહાનગરપાલિકાના વોર્ડ નં. ૪ અંતર્ગત જારીવાળા કુવા, વિનાયક પાર્ક, ભીમવાસ તથા નવાગામ ઘેડ જેવા વિસ્તારોમાં સ્લમ અને મજુર વર્ગના ગરીબ તથા પછાત સમાજના લોકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. આ વિસ્તારના મોટાભાગના લોકો રેટજિલી મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હોવાબને કરણે તેઓ માટે ખાનગી વાહન કે રિક્ષાનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બને છે. પરિણામે ઘણા લોકો રોજગાર માટે દૂર-દૂર સુધી પગપાળા જવા મજબુર બને છે.

દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદ ની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલ પી.એમ. ઈ-સીટી બસ યોજનાનો લાભ સમાજના છેવાડાના લોકો સુધી પહોંચે તે જરૂરી છે. જો વોર્ડ નં. ૪ ના જારીવાળા કુવા, વિનાયક પાર્ક, ભીમવાસ તથા નવાગામ ઘેડ જેવા વિસ્તારોને પી.એમ. ઈ-સીટી બસના રૂટમાં સમાવેશ કરવામાં આવે તો આ વિસ્તારના ગરીબ અને મજુર વર્ગના લોકોને રોજગાર, શિક્ષણ, આરોગ્ય તથા અન્ય જરૂરી કામકાજ માટે અવરજવરમાં મોટી રાહત મળશે. આથી આપશ્રીને નમ્ર વિનંતી છે કે જનહિતને ધ્યાનમાં રાખી વોર્ડ નં. ૪ ના ઉપરોક્ત વિસ્તારોમાં પી.એમ. ઈ-સીટી બસની સુવિધા વહેલી તકે શરૂ કરવા જરૂરી કાર્યવાહી કરવા માંગ કરવામાં સામાજિક કાર્યકર સુભાષ ગુજરાતી દ્વારા કરવામાં આવી છે.

## આરોગ્ય મંત્રી પાનશેરીયાએ જામનગરના સુપ્રસિદ્ધ સપડા સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરે દર્શન કરી વિકાસકાર્યોની સમીક્ષા કરી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જામનગર જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર સપડાની મુલાકાત લઈ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંત્રીશ્રીએ મંદિરના વિકાસ, યાત્રાળુઓ માટેની સુવિધાઓ, સ્વચ્છતા તેમજ આધુનિક સુવિધાઓ અંગે માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીશ્રીએ મંદિરના વિકાસ અને ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે આગેવાનો, મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો, અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભાણવડ નજીક મોટર કારની ઠોકરે બાઈક ચાલક વૃધ્ધનું મૃત્યુ

**સમય સંદેશઃ ભાણવડ**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોટી ગોપ ગામે રહેતા પરબતભાઈ નારણભાઈ પાથર નામના સગર વૃદ્ધ તેમના જી.જે. ૧૦ ડી.ડી. ૭૪૯૯ નંબરના મોટરસાયકલ પર બેસીને રૂપામોરા ગામ (તા. ભાણવડ) ખાતે રહેતી તેમની પુત્રીના ઘરેથી પોતાના ઘરે મોટી ગોપ ગામે જઈ રહ્યા હતા.

ત્યારે ભાણવડ નજીક ત્રિવેણી નદીના પુલ પાસે પહોંચતા આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૦૩ પી.આર. ૯૨૦૦ નંબરની એક મોટરકારના ચાલક હસમુખભાઈ મનોરદાસ ગાંગાણી (રહે. મૂળ ભાણવડ) એ પરબતભાઈ પાથરના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામેલા પરબતભાઈ પાથરનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે ભાણવડ

અનુ પાના નં.૨ પર

## જામનગરના સનસિટીમાં શ્વાસ લેવામાં તકલીફ થતાં યુવકનું થયું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર નજીક મોરકંડા રોડ પર સનસિટી-૨, શેરી નં.૩માં રહેતાં સમીરભાઇ માજીદભાઇ ધુંધા (ઉ.વ.૨૩) નામના યુવાનને ગત તારીખ ૧૨-૬-૨૦૨૬ ના રોજ વહેલી સવારે પોતાના ઘરે અચાનક શ્વાસ લેવામાં તકલીફ પડતાં તબિયત લથડી હતી. જેથી યુવાનને તાત્કાલિક સારવાર માટે શહેરની જી.જી.હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે તેને તપાસી યુવાનનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. યુવાનના મોતને પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે મૃત્તક યુવાનના પિતા માજીદભાઇ ધુંધાએ પોલીસને જાણ કરતાં સિટી એ ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પી.ટી.જાડેજા સહિતનો સ્ટાફ જી.જી.હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉચા વળતરની લાલચ આપી વાયુદળના કર્મચારી સાથે કરાઇ લાખોની છેતરપિંડી

## સોલાર અને જે.સી.બી., લોડરના ધંધામાં ભાગીદારી દર્શાવી રૂપિયા ૮૧ લાખનું રોકાણ કરાવ્યા બાદ નફા પેટે ૧૦ લાખ આપ્યા અને પછી કર્યા હાથ ઉંચા, ત્રણ શખ્સો સામે ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એરફોર્સમાં નોકરી કરતા ધનંજય ચંદ્રીકા પ્રસાદ મિશ્રા (૪૦), અને છેલ્લા પાંચ વર્ષથી જામનગરમાં ફરજ બજાવે છે. આશરે ત્રણ વર્ષ પહેલાં તેમની ઓળખ ધર્મેન્દ્રસિંહ માનભા જાડેજા સાથે થઈ હતી. ધર્મેન્દ્રસિંહે તેમને એક ખાનગી કંપનીના સોલાર પ્લાન્ટમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી વાત કરી હતી. ત્યારબાદ પોતાના સાળા અર્જુનભાઈ મારફતે પણ રોકાણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. જેથી ધનંજય મિશ્રાએ ૪ ઓગસ્ટ ૨૦૨૪થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન પોતાના એચડીએફસી, એસબીઆઈ તેમજ મિત્ર અમિત તિવારીના બેંક ખાતાઓ મારફતે અને રોકડ મળી કુલ રૂ. ૮૧ લાખ ૭૧ હજાર ધર્મેન્દ્રસિંહ જાડેજાને આપ્યા હતા. શરૂઆતમાં આશરે રૂ. ૧૦ લાખ નફો પણ મળ્યો હતો.

ત્યારબાદ બંને પક્ષો વચ્ચે લાલ બંગલા વિસ્તારમાં કરાર કરીને જેસીબી-લોડર ખરીદી ધંધામાં ૫૦ ટકા ભાગીદારી નક્કી કરવામાં આવી હતી. જોકે થોડા સમય પછી ધર્મેન્દ્રસિંહે નફાની રકમ આપવાનું બંધ કરી દીધું હતું. જેમાં ત્રીજા આરોપી સચિન પંચોલીની પણ સંડોવણી હોવાનું જાહેર કરાયું છે જ્યારે ધનજય મિશ્રા દ્વારાપોતાની મૂડી પરત માંગવામાં આવી ત્યારે આરોપીએ રકમ પરત નહીં મળે તેમ કહી ગાળો આપી ધમકીઓ આપી હતી. પોતાની સાથે થયેલી છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગે ફરિયાદીએ કરારના દસ્તાવેજો સાથે પોલીસમાં અરજી કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પોલીસે ઉપરોક્ત ફરિયાદના આધારે જામનગરમાં જ રહેતા ધર્મેન્દ્રસિંહ જાડેજા, અર્જુનસિંહ અને સચિન પંચોલી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની કલમમાં હેઠળ ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

## ભાણવડ અને દ્વારકામાં ત્રણ સ્થળોએ જુગાર દરોડામાં આઠ શખસો ઝડપાયા

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ તાબેના મોરઝર ગામેથી પોલીસે ગોપાલ વલ્લભ લીંબડ, સુરેશ અમરા બગડા અને હરેશ ઉર્ફે દુદા બચુ પરમારને તીનપત્તી નામનો જુગાર રમતા ઝડપી લીધા હતા. દ્વારકા તાલુકાના આરંભડા સીમ વિસ્તારમાંથી મીઠાપુર પોલીસે હિતેશ કારૂભાઈ સોઢા, કરણ અરજણભાઈ ફફલ અને આલાભા પોલાભા માણેકને રોન પોલીસના જુગાર રમતા રૂપિયા ૨,૭૯૦ ના મુદ્દામાલ સાથે તેમજ દ્વારકાના ટીવી સ્ટેશન વિસ્તારમાંથી રાણાભા સીદુભા વાઘા અને વરજાંગભા હમીરભા કેરને પોલીસે ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

# જામનગરના વાઘેરવાડા વિસ્તારમાં ૧૨૫ વર્ષ થી પરંપરાગત લેવાતો 'હુસૈની ચોકારો' નિહાળવા જનમેદની ઉમટી



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં મુસ્લિમ વાઘેર જમાત દ્વારા વાઘેરવાડા વિસ્તારમાં આવેલા માતમ ચોકમાં છેલ્લા ૧૨૫ વર્ષ થી પણ વધુ સમયથી પરંપરાગત રીતે હુસૈની ચોકારો યોજાય છે. જે પરંપરા આ વખતે પણ અવિરત ચાલુ રહી છે.ગત સોમવારે મોડી રાત્રે યોજાયેલા ચોકારાના કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મુસ્લિમ સમાજ ઉપસ્થિત રહ્યો હતો. આ પરંપરાગત 'હુસૈની ચોકારો' સુન્ની મુસ્લિમ વાઘેર સમાજના યુવાનો તથા નાના બાળકો દ્વારા લેવામાં આવે છે. જેમાં સુન્ની મુસ્લિમ વાઘેર સમાજ દ્વારા 'હુસૈની ચોકારા' નો કાર્યક્રમ વાઘેરવાડા વિસ્તારમાં આવેલા માતમ ચોકમાં યોજાઈ રહ્યો છે. જેને નિહાળવા માટે રાત્રે ૧:૦૦ વાગ્યે હજારોની સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહે છે. જામનગર ની વાઘેર જમાત દ્વારા 'હુસૈની ચોકારા' નું આયોજન કરે છે.જે જામનગર શહેરના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

# મહોર્રમ નિમિત્તે રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની જામનગરની મુલાકાત

## શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સજ્જ; એસપી સહિતના અધિકારીઓ અને સમાજના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

૨૩ જૂન ૨૦૨૬ના રોજ જામનગર ખાતે રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની એક મહત્વપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. જામનગર આગમન પર પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પુષ્પગુચ્છ આપીને તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં આવી રહેલા પવિત્ર મહોર્રમ પર્વને ધ્યાનમાં રાખીને આ મુલાકાત ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે, જેનો મુખ્ય હેતુ જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાનો હતો.

મુલાકાત દરમિયાન રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની અધ્યક્ષતામાં એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોર્રમ પર્વ અનુસંધાને જામનગર શહેરમાં કાયદો, વ્યવસ્થા અને કોમી એકતા તેમજ શાંતિનો માહોલ જળવાઈ રહે તે માટે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તહેવાર દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો વ્યવસ્થા ચુસ્ત રહે તે બાબત પર વિશેષ ભાર મૂકાયો હતો.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં જામનગરના એસપી સહિતના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ સાથે જ, મહોર્રમ પર્વની શાંતિપૂર્ણ ઉજવણીના ભાગરૂપે સ્થાનિક સમાજના વિવિધ આગેવાનો અને અગ્રણીઓને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. પોલીસ તંત્ર અને સમાજના અગ્રણીઓ વચ્ચે પરસ્પર સંકલન સાધીને પર્વ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે વહીવટી રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો.

# સિક્કા પાટીયા નજીક કાળમુખા ટ્રકની ઠોકરે બાઈકચાલકનું મોત

**સમય સંદેશઃ સિક્કા**

મૂળ મધ્યપ્રદેશ રાજ્યના વતની અને હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામે અજીત સિંહ નાથુભાની વાડીમાં રહી મજુરી કામ કરતાં કિલ્ડીયા લોગસિંહ કિકરીયા (ઉ.વ.૩૬) નામના યુવાને આરજે-૨૫-જીએ-૮૫૪૭ નંબરના ટેન્કર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદી તથા તેમના કુટુંબીભાઈ રમેશ ગઇકાલે વહેલી સવારે પોતાનું મોટરસાઇકલ લઈ ગોંડલ ગામેથી ભાતેલ આવવા નીકળેલ હતા.

સાથે સાથે ફરિયાદીના બનેવી મુકેશ ભીમલા પણ પોતાનું જીજે-૩૪-એમ-૪૪૦૪ વાળું લઈ ભાતેલ તરફ આવી રહ્યાં હતાં. દરમિયાન નવેક વાગ્યાના સમયે તેઓ જામનગરથી ખંભાળીયા તરફ જતા હાઇવે રોડ પર સીક્કા પાટીયાથી આગળ દેશદેવી હોલ પહેલા રોડ પર પહોંચતા ત્યારે આરજે-૨૫-જીએ-૮૫૪૭ નંબરના ટેન્કર ચાલકે પોતાનુ વાહન ગફલત રીતે બેફિકરાઈથી ચલાવી ફરિયાદીના બનેવી મુકેશભાઇના મોટરસાઇકલને ઠોકર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા મુકેશભાઇ બાઇક પરથી રોડ પર પડી ગયેલ હતા અને ટ્રકનું તોતિંગ વ્હીલ તેમના પર ફરી વળતા તેઓનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બનાવની જાણના આધારે મેઘપર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ આર.એન.થાનકી સહિતનો સ્ટાફ તાત્કાલિન ઘટના સ્થળે દોડી ગયો હતો.

પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી હતી. પોલીસે કિલ્ડીયાભાઇની ફરિયાદના આધારે આરજે-૨૫-જીએ-૮૫૪૭ નંબરના ટેન્કર ચાલક સામે બીએનએસની કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમવી એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુન્હો નોંધી ચાકલને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# જામનગર U-16 ક્રિકેટ સિલેક્શનમાં ભારે વિવાદઃ સિલેક્ટર્સ 'બોગસ' હોવાના આક્ષેપોથી ખળભળાટ

## એસોસિએશન પ્રમુખનો દાવોઃ પ્રક્રિયા સંપૂર્ણ તટસ્થ અને નિયમબદ્ધઃ સહદેવસિંહના ગંભીર આક્ષેપોઃ નિયમોનું ઉલ્લંઘન અને કોર્ટની ચીમકી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ઐતિહાસિક અજીતસિંહજી પેવેલિયન ખાતે જામનગર રૂરલ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા અંડર-૧૬ ટીમ માટે સિલેક્શન ટ્રાયલ્સ યોજાઈ હતી, જેમાં ૭૮થી વધુ ઉભરતા ખેલાડીઓ વય મર્યાદાના પુરાવા સાથે ભાગ લેવા પહોંચ્યા હતા. આ ટ્રાયલ્સ દરમિયાન 'બોગસ સિલેક્ટર્સ' મામલે મોટો વિવાદ સર્જાયો છે. એસોસિએશનના આજીવન સભ્ય સહદેવસિંહ ચુડાસમાએ રાજકોટથી આવેલા પસંદગીકારોની સત્તાવાર ઓથોરિટી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. જો કે, આ હોબાળા વચ્ચે પણ ગરીબ અને આશાસ્પદ બાળકોનું વર્ષ ન બગડે તે માટે બેટિંગ, બોલિંગ અને વિકેટકિપિંગની ચકાસણી સાથે ટ્રાયલ્સ ચાલુ



તસવીરઃ હિરેન ગાંધી

રાખવામાં આવી હતી, જેમાંથી ૨૫ થી ૩૦ ખેલાડીઓ આગામી મેચો માટે પસંદ થશે.

બીજી તરફ, જામનગર રૂરલ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ હિતેશ ભટ્ટે સમગ્ર પ્રક્રિયાનો બચાવ કરતા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી કે, કોઈ પણ પ્રકારનો પક્ષપાત ન થાય તે માટે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (જઈઅ) દ્વારા જ રાજકોટથી તટસ્થ સિલેક્ટર્સ મોકલવામાં આવ્યા છે અને સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક છે. વહીવટની સફળતાના પુરાવા તરીકે તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરમાં જ તેમની અંડર-૧૯ (ઞ-૧૯) ટીમ પ્લેટ ગ્રૂપમાં ચેમ્પિયન બની છે, જેથી વિરોધી જૂથના આક્ષેપોમાં કોઈ તથ્ય નથી.

એસોસિએશનના આજીવન સભ્ય સહદેવસિંહ ચુડાસમાએ સિલેક્શનની કાયદેસરતા સામે મોરચો માંડતા આક્ષેપ કર્યો છે કે રાજકોટથી આવેલા બંને સિલેક્ટર્સ પાસે કોઈ સત્તાવાર લેખિત આધાર કે ઓથોરિટી લેટર નથી અને તેઓ એપેક્સ કાઉન્સિલના મેમ્બર હોવાથી નિયમ

અનુ પાના નં.૨ પર

# બેડીમાં નિયાઝ દરમિયાન ધકામુક્કી બાદ બે જૂથ વચ્ચે બઘડાટીમાં પાંચ લોકો ઘાયલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના બેડી સોઢા ફળી વિસ્તારમાં મોહરમની નિયાઝની પ્રસાદી લેવા દરમિયાન બાળકો વચ્ચે થયેલી ધકામુક્કી બાદ બે પક્ષો વચ્ચે મારામારી અને પથ્થરમારો થયાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે બેડીમરીન પોલીસ સ્ટેશનમાં બંને પક્ષોની સામસામે ફરિયાદોના આધારે ગુના નોંધવામાં આવ્યા છે.

અનવરભાઈ સુલેમાનભાઈ સંઘારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમની દિકરીનો દિકરો અને સામા પક્ષના દિકરા વચ્ચે નિયાઝની પ્રસાદી લેતી વખતે ધકામુક્કી થઈ હતી. આ બાબતનું મનદુઃખ રાખી તનવીર ગુલામ જેડા, ઝરીનાબેન



તસવીરઃ હિરેન ગાંધી

ગુલામ રજાક જેડા, હુશેનાબેન ઓસમાણભાઈ જેડા, જુબીબેન રજાકભાઈ જેડા, શકીનાબેન અસગર જેડા, કાદર ઇસ્માઈલ ચૌહાણ અને ગુલામ રજાક જેડા સહિતના આરોપીઓએ એકત્ર થઈ ગેરકાયદે મંડળી બનાવી હુમલો કર્યો હતો.

ફરિયાદ મુજબ આરોપીઓએ ગાળો બોલી ઢીકાપાટુનો માર માર્યો તેમજ પથ્થરમારો કર્યો હતો, જેમાં અનવરભાઈ તથા તેમના નવાસાને ઇજાઓ પહોંચી હતી. સાથે જ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ફરિયાદના આધારે બેડીમરીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.બીજી તરફ ઝરીનાબેન ગુલામ રજાક જેડાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે. કે તેમના દિકરા અને અનવર સંઘારની દિકરી વચ્ચે નિયાઝની પ્રસાદી લેતી વખતે ધકામુક્કી થઈ હતી. ત્યારબાદ સમજાવવા જતાં યાસ્મીન અનવર

અનુ પાના નં.૨ પર

# રાજકોટ જેલમાંથી ફર્લો રજા લઈ ખંભાળીયામાં ચોરી કરી

## ધોરાજીમાં હત્યા કરનાર સહિત ચાર તસ્કર ઝડપાયાઃ સવા લાખની ચોરીનો ભેદ ખુલ્યોઃ જોડિયા-જામજોધપુર પંથકના શખ્સોની પુછપરછ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નજીકના જામનગર હાઈવે માર્ગ પર આવેલા ગુરુ ગેબી નકલંક આશ્રમ ખાતેના એક રહેણાંક મકાનમાં ગત તારીખ ૭ જૂનના રોજ રાત્રિના સમયે આશરે રૂપિયા સવા લાખ જેટલા મુદ્દામાલની ઘરફોડ ચોરી થયાનો બનાવો પોલીસ દફતરે નોંધાયો હતો. જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ અહીંના ડીવાયએસપી મીત રુદલાલના માર્ગદર્શન હેઠળ ખંભાળિયા પોલીસ મથકના પી.આઈ. સી.આર. રાણા તેમજ તેમની ટીમ દ્વારા આરોપીઓને ઝડપી લેવા માટેની કાર્યવાહી આરંભી હતી.

આ પ્રકરણમાં પોલીસની ટીમ દ્વારા હ્યુમન અને ટેકનિકલ સોર્સિસના માધ્યમથી મળેલી જાણકારીમાં ચોરીના આ પ્રકરણમાં એક મારુતિ આર્ટિગા મોટરકારનો ઉપયોગ થયો હતો. જેમાં કરવામાં આવેલી આગળની તપાસમાં ચોરી પ્રકરણનો ભેદ ઉકેલાયો હતો. આ ચોરીના બનાવમાં જામનગરના જોડિયા ભુંગા વિસ્તારમાં રહેતા હનીફ ઉર્ફે હનકો ચોર હુસેનભાઈ સના, રાજકોટ જિલ્લાના ધોરાજી ખાતે રહેતા અલ્તાફ હારુન શાહમદાર, જામનગરના માધાપર ભુંગા વિસ્તારમાં રહેતા મહમદશા





અલીશા શાહમદાર તેમજ જોડિયા ભુંગાના રહીશ સુલતાન હુશેનભાઈ સના નામના ચાર આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા.

આરોપીઓની પૂછતાછમાં આ પ્રકરણમાં હાલ હત્યાના એક ગુનામાં આજીવન કેદની સજા પામેલા અને રાજકોટની સેન્ટ્રલ જેલમાં રહેલા ગુલામશાહ ગીગાશાહ શાહમદાર (રહે. શેઠ વડાળા, તા. જામજોધપુર, જિ. જામનગર)ની સંડોવણી પણ ખુલવા પામી છે. ચોરી અંગેની વધુ વિગતમાં આરોપી ગુલાબશાહ ગીગાશાહને થોડા સમય પૂર્વે ફર્લો રજા મળતા તેને પૈસાની જરૂરિયાત પડતા ધોરાજી ખાતેથી તેણે એક આર્ટિગા મોટરકાર ભાડેથી લીધી હતી. જેમાં આરોપી હનીફ હુસેન સના કે જે અગાઉ ચોરી, ઘરફોડીના ગુનામાં પોતાની સાથે રાજકોટ જેલમાં હતો, તેનો સંપર્ક કરી અને ખંભાળિયામાં ચોરી કરવાનું નક્કી કર્યું હતું. જેમાં આરોપી હનીફ હુસેન તથા મામદશાહ અલીશા રફાઈ ચોરી કરવા ગયા હતા.

જ્યારે બાકીના ત્રણ આરોપીઓ ગુલાબશાહ ગીગાશાહ, સુલતાન હુસેન અને અલ્તાફ હારુન મોટરકારમાં બેસીને બહારથી દેખરેખ રાખતા હતા. ત્યાર બાદ આરોપી હનીફ હુસેન અને મહમદશાહ અલીશા ચોરી કરી અને અન્ય ખાનગી વાહનમાં બેસીને જામનગર તરફ જતા રહ્યા હતા જ્યારે બાકીના ત્રણ આરોપીઓ ગુલાબશાહ તથા સુલતાન અને અલ્તાફ પોલીસ તપાસને ગેરમાર્ગે દોરવા આર્ટિગા મોટરકારમાં સવાર સુધી બનાવના સ્થળ નજીક જ બેસી રહ્યા હતા.

હાલ રાજકોટ સેન્ટ્રલ જેલમાં રહેલા ગુલાબશાહ ગીગાશાહનો કબજો મેળવવા પોલીસે જરૂરી તજવીજ હાથ ધરી છે. ઝડપાયેલા આરોપી હનીફ હુસેન મામદ સના વિરુદ્ધ જામનગર, કંડલા સહિતના જુદા જુદા પોલીસ મથકમાં કુલ ૨૨ જેટલા ગુનાઓ તેમજ અન્ય આરોપી એવા ગુલાબશા ગીગાશાહ વિરુદ્ધ ધોરાજીમાં હત્યા તેમજ ગોંડલમાં પણ એક ગુનો અને મહમદશા અલીશા રફાઈ વિરુદ્ધ ખંભાળિયા પોલીસ મથકમાં એક ગુનો નોંધાયો હોવાનું જાહેર થયું છે. આ પ્રકરણમાં પોલીસે રોકડ અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૫૧ હજાર જેટલો મુદ્દામાલ તથા રૂપિયા ત્રણ લાખની કિંમતની મોટરકાર કબજે કરી છે. આરોપીઓની અટકાયત બાદ કચ્છ જિલ્લાના પાધર વિસ્તારમાં થોડા સમય પૂર્વે થયેલી આશરે રૂ. ૬.૩૮ લાખની ઘરફોડ ચોરી અને ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો પણ ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

અનુ પાના નં.૨ પર

# નવા મોખાણાની સીમમાં રાત્રે દિપડાની લટારથી ગ્રામજનોમાં ભયનું લખલખું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના નવા મોખાણા ગામ નજીક વાડી વિસ્તારમાં ગઇકાલે રાત્રીના સમયે દિપડો જોવા મળ્યો હતો. દિપડો દેખાતા ગામના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. તાલુકા સદસ્ય કિશોરભાઇ આહિરે આ અંગે ફોરેસ્ટ વિભાગની ટીમને



જાણ કરતા ફોરેસ્ટ વિભાગની ટીમ તુરંત જ મોખાણા ગામે દોડી ગઇ હતી. દિપડાના ફુટપ્રિન્ટ સહિતની બાબતોને આધારે ફોરેસ્ટ વિભાગ દ્વારા આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી અને વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ દિપડાની હિલચાલ અંગે માહિતી એકત્ર કરવામાં આવી છે. ટીમ દ્વારા ટીમ દ્વારા પાંજરૂ મુકી દિપડાને પાંજરે પુરવા કવાયત હાથ ધરી હતી. લોકોને પણ સાવચેત રહેવા અને રાત્રીના સમયે એકલા બહાર ન નિકળવા અથવા કોઇ શંકાસ્પદ હિલચાલ જણાય તો જાણ કરવા અપીલ કરાઇ છે.

# વરસાદ ખેંચાવાની સ્થિતિમાં નર્મદાના વધારાના પાણીની માંગણી કરતી મહાનગરપાલિકા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરનો વિસ્તાર વસ્તી વધવા સાથે અડધા શહેરમાં ૨૦ મીનીટ દૈનિક પાણી વિતરણ ચાલુ જામનગર શહેરનો વિસ્તાર-વસ્તી થવાથી શહેરની દૈનિક પાણીની જરિયાત ૧૩૫માંથી ૧૫૫ થઈ છે. જેને પહોંચી વળવા માટે મ્યુ. તંત્રનો ડેમમાંથી દૈનિક ૪૫ એમએલડી, વોટર વર્કસ વિભાગ રણજીતસાગર સસોઈમાં ૨૫, ઉંડ-૧માંથી ૩૫, આજી-૩માંથી ૪૦ અને નર્મદાની લાઈનમાંથી ૧૦ થી ૧૫ એમએલડી પાણી મેળવીને શહેરને આપે છે.

પરંતુ વરસાદ ખેંચાતા હવે તંત્ર દ્વારા દૈનિક ધોરણે સોલેરીયમ, નવાગામ, બેડી, રણજીતનગર, પવનચક્કી, પંપ હાઉસ અને મહાપ્રભુજીની બેઠક ઈએસઆર હેઠળના વોર્ડ નંબર-૧ના બેડી, થરી, જોડીયા ભુંગા, માધાપર ભુંગા, ગરીબનગર, પાણાખાણ, વોર્ડ નંબર-૩ના પટેલકોલોની શેરી નંબર-૧ થી ૧૨ અને રોડ નંબર-૧ થી ૪નો તથા રામેશ્વરનગર, પટેલવાડી સહિતના વિસ્તારો, વોર્ડ નંબર-૪ના નવાગામ ઘેડ, મધુરમ સોસાયટી, ઈન્દીરા સોસાયટી, ખડખડનગર, ગાયત્રી ચોક, હનુમાન ચોક, બાપુનગર, સિધ્ધેશ્વર સોસાયટી, વિનાયક પાર્ક આસપાસના તથા ભીમવાસ સહિતના વિસ્તારો, વોર્ડ નંબર-૧૩ના સેન્ટ્રલ બેન્ક, હવાઈ ચોક, સેતાવાડ, સઈનીમંડી, ખોજા ગેઈટ, છીપાવાડ, ભાનુશાળીવાડ, કિસાન ચોક, પવન ચક્કી સુધીના વિસ્તારો, વોર્ડ નંબર-૭ના પાણાખાણ, ગોકુલનગર, સત્યમ-શિવમ-સુંદરમ કોલોની રોડ, ઓશવાળ-૪થી એમ્યુઝમેન્ટ પાર્ક કોલોની રોડ, તરફના તેમજ વિસ્તારોના તેમજ વોર્ડ નંબર-૨ ના અડધા ભાગ એટલે કે, ગાંધીનગર બાજુના વિસ્તારો તેમજ વોર્ડ નંબર-૫ ના અડધા ભાગમાં એટલે કે, પાર્ક કોલોની તરફના વિસ્તારોમાં દૈનિક ૨૦ મીનીટ માટે થતા પાણી વિતરણને બંધ કરવામાં આવશે. જે શહેરના અંદાજે ૨ લાખ થી વધુ લોકોને અસરકર્તા બાબત રહેશે.આ નિર્ણય લેવા માટે મ્યુ. કોર્પોરેશનના મેયર, ડે. મેયર, ચેરમેન સહિતના પદાધિકારીઓ, મ્યુ. કમિશનર અને વોટર વર્કસ વિભાગના કાર્યપાલક ઈજનેરની મીટીંગ બાદ એક કે બે દિવસમાં જાહેરાત થશે.ચાલુ વર્ષનો જૂન માસ જે વરસાદનો માનવમામા આવે છે.

અડધો પુરો થઈ ગયો છે છતાં મેઘરાજા વરસાવનું શરૂ કર્યું છે.માત્ર

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com